# વિરોધપક્ષના નેતાશ્રીનું કાર્યાલય

## ગુજરાત વિધાનસભા, ગાંધીનગર

**અખબારી યાદી** **તા. ૧૫-૫-૨૦૧૨**

દિલ્હી ખાતે વિદેશમંત્રીશ્રીએ વિદેશ મંત્રાલયના તમામ ઉચ્ચ અધિકારીઓની ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલ સાથે મિટીંગ યોજીને અંગોલા ખાતે સિમેન્ટ ફેક્ટરીમાં થયેલા આંદોલનથી ઉભી થયેલી પરિસ્થિતિ અને ત્યાં રહેલાં કામદારોના પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા અને થયેલી કાર્યવાહીની સમીક્ષા કરી હતી. અંગોલા દેશના Sumbe ખાતે સિમેન્ટ ફેક્ટરીનું બાંધકામ છેલ્લાં ત્રણ વર્ષથી થઈ રહ્યું છે. આ ફેકટરી ખાતે ભારત, બાંગ્લાદેશ અને નેપાળના કામદારો છેલ્લાં ત્રણ વષર્થી કામ કરે છે. મહિને રૂ. ૩૨,૦૦૦/- જેટલો પગાર આપવાની શરતે એજન્સી મારફત કામદારોને લઈ જવામાં આવેલાં છે. કામદારોનો પગાર યુ.એસ.ડોલરમાં તેમના ખાતામાં જમા થાય છે. ઓવરટાઈમના કામના પૈસા ડોલરમાં અગાઉ અપાતા હતા તે અંગોલા સરકારનો કાયદો બદલાવવાથી અમેરિકન ડોલરના બદલે અંગોલાની લોકલ કરંન્સી kwanza કોંઝામાં કંપનીએ આપવાનું શરૂ કરતાં કામદારો અને કંપની વચ્ચે વિવાદ શરૂ થયો હતો. આ વિવાદના કારણે કામદારોએ હડતાલનો આશરો લીધો હતો. હડતાલ પર ગયેલા કામદારો પૈકીના કેટલાક કામદારોએ તા. ૯ મે, ૨૦૧૨ના રોજ તોફાન કર્યું હોવાનો સ્થાનિક મેનેજમેન્ટનો આક્ષેપ છે. આ આક્ષેપ મુજબ થયેલી ફરિયાદ પ્રમાણે કેટલાક કામદારોએ તા. ૯ મે, ૨૦૧૨ના રોજ મેનેજર, એન્જીનીયર તથા સુપરવાઈઝર પર હુમલો કરેલો હતો અને કંપનીના કેટલાક વાહનોને નુકસાન કર્યું હતું. ૨૦ જેટલા મોટર સાયકલને આગ ચાંપવામાં આવી હતી તેમજ રહેઠાણના કન્ટેનર, સિગ્નલી સિસ્ટમ અને ઈન્ફ્રાસ્ટ્રકચરને ખૂબ મોટું નુકશાન કરવામાં આવ્યું હતું. આ તોફાન દરમ્યાન પોલીસને બોલાવવામાં આવતાં પોલીસ ફાયરીંગ પણ થયું હતું અને પોલીસ દ્વારા તોફાન કરતાં પર (બાવન) જેટલાં કામદારોની અટકાયત કરવામાં આવી હતી અને તેમને સ્થાનિક અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. આ ગુનાની તપાસ હાલ ચાલુ છે. વિદેશ મંત્રીશ્રીએ અંગોલા સરકારના મુખ્ય સૂત્રધારો સાથે અંગત રીતે વાત કરીને કામદારો માટે માનવતાનું માપદંડ અપનાવવા તેમજ પોલીસ કસ્ટડીમાં રહેલાં કોઈપણ કામદારો પર પોલીસ દ્વારા અત્યાચાર ન થાય તેની ખાસ કાળજી લેવા જણાવ્યું હતું. વિદેશ મંત્રાલયે એમ્બેસીના પ્રતિનિધિને જેલની મુલાકાતે મોકલીને કામદારોની ખેરીયતની પૃચ્છા કરાવી હતી. હાલ સિમેન્ટ ફેકટરીની સાઈટ કે જ્યાં ૧,૫૦૦ જેટલાં જુદા જુદા કામદારો છે ત્યાં પરિસ્થિતિ સામાન્ય છે. જે કામદારો પોલીસના ડરથી જંગલોમાં જતાં રહ્યાં હતા. તેમની સલામતીની ખાતરી કરીને પરત સાઈટ પર બોલાવીને આશ્રય મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ફેકટરી સાઈટ ઉપર જ તમામ કામદારોને ભોજન અને રહેઠાણની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

જે કામદારોના પાસપોર્ટ, વર્ક પરમીટ માટે જમા થયેલા હોય અથવા એજન્સી કંપનીએ રાખી મૂકેલાં હોય તે કામદારો જો દેશમાં પરત ફરવા માંગતા હોય તો તેમને તાત્કાલિક ઈમરજન્સી સર્ટિફિકેટ ભારતીય એમ્બેસી દ્વારા મળી જાય કે જેથી તેઓ દેશમાં પરત ફરી શકે તે માટેની સૂચના ભારતીય એમ્બેસીને આપવામાં આવી છે. ભારતીય એમ્બેસી ખાતેથી સેકન્ડ સેક્રેટરી જેલ તથા ફેકટરીની મુલાકાત લઈને વિદેશ મંત્રાલયને સતત માહિતી આપતા રહે તેવું તંત્ર પણ ગોઠવવામાં આવ્યું છે. કેટલાક ભારતીય કામદારો ત્યાં જ રહીને હજુ કામ કરવા ઈચ્છે છે, તેમને કામ બરાબર મળી રહે તેની વ્યવસ્થા માટે પણ સૂચનાઓ આપવામાં આવી છે. જેમની સામે ક્રિમીનલ કેસ દાખલ થયો છે તેઓને લોજેસ્ટીક સપોર્ટ પણ એમ્બેસી દ્વારા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

વિરોધપક્ષના નેતાશ્રી શક્તિસિંહ ગોહિલે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને માત્ર પત્રો લખીને નિવેદનીયા મુખ્યમંત્રી બની રહેવાના બદલે ગુજરાતીઓ માટે પ્રો-એક્ટીવ રોલ કરવા અનુરોધ કર્યો છે. શ્રી શક્તિસિંહે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં યુ.એ.ઈ. દેશોમાં જયારે મુશ્કેલી પેદા થઈ ત્યારે આંધ્રપ્રદેશ અને કેરલા જેવા રાજ્યો કે જેમના નાગરિકો મુશ્કેલીમાં મૂકાયાં હતાં ત્યારે તે રાજ્યોના મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક દિલ્હી વિદેશ મંત્રાલયની મંજૂરી લઈને પોતાના રાજ્યના અધિકારીઓને યુ.એ.ઈ. દેશોમાં મોકલીને પોતાના રાજ્યના મુશ્કેલીમાં મુકાયેલાં નાગરિકોને પરત લાવવા માટે વિમાનની ટીકીટો તેમજ ઈમીગ્રેશનની વિધિ પૂર્ણ કરાવી હતી. આજરોજ ગુજરાતના મુખ્યમંત્રીશ્રીએ પણ વિદેશ મંત્રાલય પાસેથી મંજૂરી લઈને ગુજરાતના અધિકારીઓની એક ટીમ અંગોલા મોકલી આપવી જોઈએ અને ગુજરાતીઓને ગુજરાતી ભાષામાં તેમના પ્રશ્નો આપણા અધિકારીઓ સમજીને ઉકેલી આપે તેમજ ઈમરજન્સી સર્ટિફિકેટ, વિમાનની ટીકીટ અને જેમની સામે ક્રિમીનલ કેસ થયા છે તેમને યોગ્ય વકીલોની મદદ કરી આપી મદદરૂપ બનવું જોઈએ. ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતાશ્રીએ વિદેશ મંત્રીશ્રી પાસેથી ખાતરી મેળવી છે કે, ગુજરાત સરકારની આવી કોઈ ટીમ જો અંગોલા જવા માંગણી કરશે તો વિદેશ મંત્રાલય તાત્કાલિક તેને મંજૂરી આપશે અને અંગોલા ખાતેની એમ્બેસીને સહયોગ આપવા પણ કહેવામાં આવશે.

---

પ્રતિ,

તંત્રીશ્રી,

સદરહુ પ્રેસનોટ આપના અખબારમાં પ્રસિધ્ધ કરવા માન. વિરોધપક્ષના નેતાશ્રીએ વિનંતી કરેલ છે.

**(અશ્વિન સિકલીગર)**

અંગત સચિવ